# Integrity code



પ્રામાણિકતાની આચારસંહિતા
પ્રામાણિકતા/પ્રામાણિકતાની
વર્ઝન 2, માર્ચ ૨૦૨૩

# અમારા હેતુ અને મૂલ્યો

અમારો હેતુ ઉજ્જ્વળ જીવન અને બહેતર વિશ્વ માટે પ્રકાશની સુષુપ્ત અસાધારણ ક્ષમતાઓ બહાર લાવવાનો છે.




અનુકૂળ પ્રતિભાવ
આપવા તત્પર રહો
સૂઝ કેળવો
અપેક્ષાઓથી વધુ આપો




વિવિધતાઓનું મૂલ્ય સમજો
શીખવા માટે સાંભળો
કાળજીપૂર્વક કાર્ય કરો




કલ્પનાને ઉત્તેજો
કશુંક મોટું કરવાની હિંમત બતાવો
અવિરત પ્રયત્નો ચાલુ રાખો




અગ્રેસર બનો
કામને સરળ બનાવો
ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરો

## હંમેશા પ્રામાણિકતા સાથે કાર્ય કરો

# પ્રામાણિકતા સાથે કામ કરો: તે આપણી સહિયારી જવાબદારી છે.

પ્રામાણિકતા સાથે કામ કરવું એ ઉજ્જવળ જીવન અને બહેતર વિશ્વ માટે પ્રકાશની સુષુપ્ત ક્ષમતાઓને બહાર લાવવાનો આપણો હેતુ પાર પાડવાની ચાવી છે. આનો અર્થ એ કે જ્યારે નીતિમતાની બાબતે દ્વિધાઓ ઊભી થાય ત્યારે સાચો વિકલ્પ પસંદ કરવો અને આપણને કંપની તરીકે વ્યાખ્યાયિત કરતાં મૂલ્યોને સમર્થન આપીને પોતાને અને એક-બીજાને વર્તનના ઉચ્ચ આદર્શો જાળવવા પ્રતિબદ્ધ રાખવા.

લીડરશીપ ટીમની સાથોસાથ, હું ઇચ્છું છું કે સિગ્નિફાયમાં કામ કરતો દરેક વ્યક્તિ હંમેશા, દરેક વખતે, કોઇપણ પરિસ્થિતિઓમાં, કોઇપણ અપવાદ વિના પ્રામાણિકતાપૂર્વક કામ કરે. આ પ્રક્રિયામાં આપણી પ્રામાણિકતાની આચારસંહિતા આપણને માર્ગદર્શન આપે છે. આપણા કોડ ઓફ કન્ડક્ટ (વર્તણૂંકની આચારસંહિતા)ની સૌથી મુખ્ય વાત એ છે કે આપણા કાર્યના સ્થળે આપણે રોજ પ્રામાણિકતાપૂર્વક કામ કરીશુ અને કોઇપણ શંકા ઊભી થાય ત્યારે જણાવી દઇશું. રોજીંદા દબાણો અને બિઝનેસ પરફોર્મન્સની ઉત્તેજના આપણને ક્યારેય સાચો નિર્ણય કરતાં અથવા કોઇ પ્રમાણિકતા ન જાળવતું હોય કે આપણા માપદંડોથી વિરુદ્ધ જતું હોય ત્યારે તેને રોકવાની જવાબદારી નિભાવવામાં અડચણરૂપ ન થવી જોઇએ.

પ્રામાણિકતા સાથે કામ કરવું એનો અર્થ એ પણ થાય છે કે નૈતિકતા શું છે એ બાબત આપણે જાગૃત રહીએ અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં તે મુજબ સાતત્ય જાળવી રાખીએ. પ્રામાણિકતા એટલે જ્યારે સાચું કાર્ય કરવું એ સૌથી મુશ્કેલ વિકલ્પ હોય ત્યારે પણ અને કોઇ એક ક્ષણે આપણે શું કરીએ છીએ તેની તપાસ કોઇ ન કરતું હોય તો પણ યોગ્ય કાર્ય જ કરીએ.

પ્રામાણિકતાપૂર્વક કામ કરવાની આપણા સૌની સહિયારી જવાબદારી છે.

આપ સૌ આપણા બિઝનેસમાં પ્રામાણિકતા ને કેન્દ્રસ્થાને રાખશો એવી હું અપેક્ષા રાખું છું.

**એરિક રોન્ડોલેટ**
ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર સિગ્નિફાય



હું આપણા સીઇઓ એરિકના સ્પષ્ટ અને ટૂંકા નિવેદનનું સમર્થન કરું છું. ‘‘નિષ્ઠાપૂર્વક કામ કરવાની આપણા સૌની જવાબદારી છે’’!

આ કંઇ એવી બાબત નથી જે બૉર્ડ ઓફ મેનેજમેન્ટ, લીડરશીપ ટીમ અથવા તો તમારા મેનેજર દ્વારા કહેવાઇ હોય. આ કંઇક એવું છે જે સિગ્નિફાઇની સફળતા માટે આપણા બધા માટે આપણે સૌએ ઇચ્છવું જોઇએ જેથી આપણે કંપનીમાં અને આપણા સહકર્મચારીઓ સાથે કામ કરી શકીએ જેઓ પણ નિષ્ઠાના એવાં જ ઊંચા માપદંડો ધરાવતા હોય.

આપણા બિઝનેસનો માહોલ સખત મહેનત માંગે છે. અને આપણે રોજેરોજ યોગ્ય વિકલ્પો પસંદ કરવા જરૂરી છે. આપણા પ્રામાણિકતાની આચારસંહિતામાં ઠરાવાયું છે તે મુજબ, નિષ્ઠા એ નિર્ણય લેવાની આ પ્રક્રિયાનો અનિવાર્ય હિસ્સો છે,

વ્યક્તિગત રીતે, હું એવી કંપની સાથે કામ કરવા ઇચ્છું છું જ્યાં બિઝનેસના હેતુઓ સર્વોપરી હોય પરંતુ તે આપણા પ્રામાણિકતાની આચારસંહિતાથી વિરુદ્ધ ન હોય.

**મિશિલ થીરી**
ચીફ લીગલ ઓફિસર સિગ્નિફાય



# આપણો સંકલ્પ

નિષ્ઠાપૂર્વક કામ કરવું એ આપણી કંપનીનાં મૂલ્યો અને આપણા સૌની સહિયારી જવાબદારીની સૌથી મહત્વની બાબત છે. સાથે મળીને અને આપણા કર્મચારીઓની પ્રતિબદ્ધતા દ્વારા, આપણે આપણા બિઝનેસની તમામ પ્રવૃત્તિઓમાં વિશ્વાસ અને નૈતિકતાના સંસ્કાર જાળવીએ.

**એરિક રોન્ડોલેટ**
ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર
બોર્ડ મેમ્બર ઓફ મેનેજમેન્ટ

**જાવિઅે વાન એંગેલન**
ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર
બોર્ડ મેમ્બર ઓફ મેનેજમેન્ટ

**મારિયા લીટ્ઝિયા મરિયાની**
ચીફ કમર્શિયલ ઓફિસર/બિઝનેસ લીડર કન્વેન્શનલ પ્રોડક્ટ્સ
બોર્ડ મેમ્બર ઓફ મેનેજમેન્ટ

**રોવેના લી**
ડિવિઝન લીડર ડિજિટલ પ્રોડક્ટ્સ

**હર્ષ ચિતાલે**
ડિવિઝન લીડર ડિજિટલ સોલ્યુશન્સ

**કેવિન પોઈક**
ક્લસ્ટર લીડર અમેરિકાસ

**જોન વૈંગ**
માર્કેટ ગ્રૂપ લીડર ગ્રેટર ચાઇના

**કરિણ બ્રાર**
ચીફ હ્યુમન રિસોર્સિસ ઓફિસર

**એલાઈસ સ્ટનિલેન્ડ**
ચીફ સ્ટ્રેટેજી એન્ડ સસ્ટેનેબલિટિ ઓફિસર

**ઓલીવિયા ક્યૂ**
હેડ ઓફ ઇનોવેશન

**ડેનિઅલ સેબલિટ**
ચીફ ઓપરેશન્સ ઓફિસર

**મિશેલ થાયરી**
ચીફ લીગલ ઓફિસર

**વી શર્લ એનજી**
હેડ ઓફ ઇન્ટર્નલ ઑડિટ

**એન્થની થોમસ**
ચીફ ડિજિટલ એન્ડ ઇન્ફોર્મેશન ઓફિસર

# પ્રસ્તાવના

પ્રામાણકિતા એ સગ્નિીફાયમાં આપણે બઝિનેસ કેવી રીતે કરીએ છીએ તેના હાર્દમાં છે અને તે દરરોજ તમારા કાર્યસ્થળ પર તમારી સાથે શરૂ થાય છે.

આપણી આચારસંહતિા આપણને હંમેશા પ્રામાણકિતાપૂર્વક કેમ કાર્ય કરવું તેનું માર્ગદર્શન આપે છે અને આપણને કંપનીની પ્રતષ્ઠિા સુરક્ષતિ રાખવામાં મદદ કરે છે.

તે આપણા સગ્નિીફાય ગ્રુપ ઓફ કંપનીઝ દ્વારા નમિાયેલ દરેકને લાગુ પડે છે.

અમે એવી પણ અપેક્ષા રાખીએ છીએ કે અમારા બઝિનેસ પાર્ટનર્સ પણ અમારી આચારસંહતિામાં પ્રામાણકિતા મહત્વના સદ્ધિાંતોનું પાલન કરે.

### ફલક અને વ્યવસ્થા

આપણી પ્રામાણિકતાની આચારસંહિતા બધું નથી આવરી લેતી પરંતુ તે આપણી વર્તણૂંકના માપદંડો સુનિશ્ચીત કરવા અને તેને પ્રોત્સાહન આપવા તેમજ પ્રામાણિક, નૈતિક વર્તન મજબૂત કરવા ડિઝાઇન કરવામાં આવેલ છે. પ્રામાણિકતાપૂર્વક કામ કરવાની જવાબદારી આપણા સૌની છે અને આપણું ઉત્તરદાયિત્વ અન્ય કોઇને સોંપી ન શકીએ. આપણી પ્રામાણિકતાની આચારસંહિતાને બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા આપણી લીડરશીપ ટીમ દ્વારા આવકાર આપવામાં આવ્યો છે. નિયમિત સમયાંતરે તેની સમીક્ષા કરવામાં આવે છે અને જરૂર હોય ત્યાં સુધારા કરાય છે.

### ઉલ્લંઘનો

આપણી પ્રામાણિકતાની આચારસંહિતાનું પાલન કરવામાં નિષ્ફળતાનાં પરિણામો સિગ્નિફાઇ તેમજ સંબંધિત વ્યક્તિ માટે ગંભીર હોઇ શકે છે. આપણી પ્રામાણિકતાની આચારસંહિતાનાં ઉલ્લંઘનો બદલ બરતરફી સુધીનાં શિસ્તભંગના પગલાં લેવાશે. આવાં ઉલ્લંઘનો બદલ સંબંધિત વ્યક્તિઓને દંડ અને જેલ પણ થઇ શકે છે.

### નિખાલસતા સાથે તમારી વાત કહો

જો કશુંક બરાબર ન હોવાનું લાગતું હોય તો કદાચ તે નહીં હોય. આપને જ્યારે આવું કશુંક લાગે ત્યારે નીચે જણાવેલ પ્રશ્નો આપની જાતને પૂછવા અમે આપને પ્રોત્સાહિત કરીએ છીએ:

- શું તે આપણી પ્રામાણિકતાની આચારસંહિતા સાથે સુસંગત છે?
- શું તે નૈતિક દૃષ્ટિએ યોગ્ય છે?
- શું તે કાયદેસર છે?
- શું તેની સિગ્નિફાઇ અને મારા પર સારી અસર પડશે?
- શું મારી સાથે આવો વ્યવહાર થાય તો મને ગમશે?
- શું મને આ વિશે અખબારમાં વાંચવું ગમશે?

જો આ પ્રશ્નોમાંથી એકનો પણ જવાબ ‘ના’ હોય તો, આવું પગલું ન લો. જ્યારે પણ તમે નૈતિકતાના મુદ્દે દ્વિધા અનુભવો, ત્યારે મહેરબાની કરી તમારા લાઇન મેનેજર એટલે કે એથિક્સ લાઇનને અથવા સાઇટ ના પાલન અધીકારીને મળો.

જો તમે પ્રામાણિકતાની આચારસંહિતા પર કોઇ પ્રતિભાવ કે સૂચન આપવા માંગતા હો તો integrity@signify.com પર લીગલ કોમ્પ્લાયન્સનો સંપર્ક કરો.

### આપણી એથિક્સ લાઇન

www.signify.ethicspoint.com

એથિક્સ લાઇન એક ઓનલાઇન ટૂલ અને ફોન લાઇન (તમારી સ્થાનિક ભાષામાં 24/7) છે અને તે ખાસ આ સેવામાં નિષ્ણાત થર્ડ પાર્ટી સપ્લાયર દ્વારા સંચાલિત છે.


આપણો બિઝનેસ કેવી રીતે ચલાવવામાં આવે છે એ અંગે જ્યારે તમારે કંઇ જણાવવાનું હોય ત્યારે તમે અનામી રહી શકો છો. જો તમે અનામી રહેવા નિર્ણય કરો, તો મહેરબાની કરીને તમારા કેસની પ્રગતિ વિશે જાણતા રહો (તમને આપવામાં આવનાર પાસવર્ડ મારફત) જેથી તપાસ કરનારાઓ તમારો સંપર્ક કરી શકે અને તપાસ ચાલુ રાખવા જરૂરી જણાતાં કોઇપણ સવાલો પૂછી શકે.

તમે આપશો એ માહિતી ફક્ત તપાસ સંભાળતા લોકો પાસે જ રહેશે. તેઓ પરિણામદાયી તપાસ કરવા સક્ષમ એવા સ્વતંત્ર પ્રોફેશનલ્સ છે. તમને સ્પર્શતી બાબતની જાણ કરવાના મુદ્દે, કોઇપણ નકારાત્મક પરિણામો સામે કંપની તમને સારી ભાવના તરીકે રક્ષણ આપે છે. કોઇપણ સવાલો પૂછવા વિના સંકોચ integrity@signify.com પર લીગલ કોમ્પ્લાયન્સનો સંપર્ક કરશો.

### વધારાની માહિતી

આપણી કમ્યુનિટી ‘Legal @ Signify / Integrity and Legal Compliance’ પર આપણા કર્મચારીઓ આપણા પ્રામાણિકતાની આચારસંહિતા, આંતરિક નીતિઓ, કેસો, ગાઇડલાઇન્સ, પ્રશ્નો અને ઉત્તરો તેમ જ વિશેષ માર્ગદર્શનનાં ભાષાંતર કરેલાં વર્ઝનો જોઇ શકે છે. અહીં તમે કોમ્પ્લાયન્સ ઓફિસર્સની યાદી અને એથિક્સ લાઇન પર વધુ માહિતી પણ મેળવી શકો છો.

# પોલિસી નીતિની




આ ઝલકમાં આપણી પ્રામાણિકતાની આચારસંહિતાને મજબૂત કરતી તમામ નીતિઓ દર્શાવેલ છે. (બૂકલેટમાં તેના પાના નંબર અનુસાર).

# I.

# કામમાં પ્રામાણિકતા: આપણને સૌને લાગુ પડે છે.



### 1.1 અમારા કર્મચારીઓ

અમે અમારા કર્મચારીઓની કદર કરીએ છીએ અને તેમને તેમનો વ્યક્તિગત વિકાસ કરવા અને તેમની આવડતોનો પુરો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. અમે કામ કરવા માટેનો સ્વસ્થ, સુરક્ષિત અને ઉત્પાદક માહોલ અને એક મુક્ત અને સર્વસમાવેશક વાતાવરણ રચીએ છીએ જેમાં સિગ્નિફાઇ કમ્યુનિટીના દરેક સભ્યને ન્યાયપૂર્ણ વ્યવહાર પ્રાપ્ત થાય છે. હંમેશા નિષ્ઠાપૂર્વક કામ કરવા માટે એકબીજાને જવાબદાર રહીએ છીએ.

### 1.2 અમારા ગ્રાહકો

અમે અમારા બહારના ગ્રાહકોને ભાગીદાર બનાવીએ છીએ કારણ કે અમે જે કંઇ કરીએ છીએ તેના કેન્દ્રસ્થાને તેઓ છે. અમે સાનુકૂળ પ્રતિભાવ આપીએ છીએ અને હંમેશા ગ્રાહકની જરૂરિયાતોને અનુકૂળ થઇએ છીએ.

ગ્રાહકો તરફથી પ્રતિભાવો અનુસાર અમે આત્મચિંતન કરીને તેના પર કામ કરીને તેમની સાથે ગ્રાહકની જરૂરિયાત મુજબનાં ઉત્પાદનો અને સાધનોનું સર્જન કરીએ છીએ અને આ પ્રક્રિયામાં ગુણવત્તા, ન્યાય અને નિષ્ઠાને ધ્યાનમાં રાખીએ છીએ.

અમારાં ઉત્પાદનો, સાધનો અને સેવાઓની બજારમાં સર્વશ્રેષ્ઠતા કાયમ રાખીને ગ્રાહકોને તેમની અપેક્ષા કરતાં વિશેષ આપીએ છીએ. અમે હંમેશા નવીનતાસભર રસ્તો અપનાવીએ છીએ અને ગ્રાહકોને સંતુષ્ટ કરવાના રસ્તાઓ વિચારીએ છીએ.

### 1.3 વ્યવસાયમાં અમારા હિસ્સેદાર

અમે વ્યવસાયમાં હિસ્સેદારો સાથે પરસ્પર લાભ થાય તેવા અતૂટ સંબંધમાં માનીએ છીએ. અમે એવા હિસ્સેદારોને બિઝનેસ આપીએ છીએ જે ન્યાય, ઇમાનદારી, કાયદાપાલન અને માનવ અધિકારોના રક્ષણ માટે પ્રતિબદ્ધ હોય.

### 1.4 અમારા શેરધારકો


અમારો સંકલ્પ સમગ્ર વિશ્વમાં માન્ય સ્વચ્છ કોર્પોરેટ સંચાલન પદ્ધતિનાં માપદંડો અપનાવવાનો અને અમારી પ્રવૃત્તિઓ, માળખું, આર્થિક પરિસ્થિતિ અને પરફોર્મન્સ વિશે સમયસર નિયમિતપણે અને વિશ્વસનીય માહિતી આપવાનો છે. અમારું લક્ષ્ય શેર પર સંતોષકારક વળતર આપવાની સાથે-સાથે, આધારભૂત વિકાસ સાધવા કંપનીમાં પર્યાપ્ત મૂડી ઉપલબ્ધ રાખવાનું છે.

### 1.5 વિશાળ સમૂદાય જેમાં અમે કારોબાર કરીએ છીએ

અમે માનવ અધિકારોનું સમર્થન કરીએ છીએ અને તેનો આદર કરીએ છીએ અને અમે એ સુનિશ્ચિત કરવા પ્રયત્નશીલ રહીએ છીએ કે અમારી પ્રવૃત્તિઓ આ હક્કોના ભંગ માટે કારણરૂપ હિસ્સેદાર ન બને. વિશ્વસનીયતા પ્રત્યે અમે પ્રતિબદ્ધ છીએ એટલે અમે હોય તેવી અમારી પ્રવૃત્તિઓની પર્યાવરણ પરની હાનિકારક અસરો ઓછામાં ઓછી કરવા માટે વ્યાજબી અને વ્યવહારુ હોય તેવું બધું જ કરીએ છીએ.

# 2.

# કાર્યસ્થળે પ્રામાણિકતા



### 2.1 માનવાધકિારોનો આદર કરવો

માનાવાધકિારોને આદર આપવો એ અમારી કાર્યપદ્ધતનિા પાયામાં છે. કાર્યસ્થળ શારીરકિ અને માનસકિ હેરાનગતતિથા પક્ષપાતથી મુક્ત રહે એ બાબતને અમે પ્રોત્સાહન આપીએ છીએ. અમે બાળમજૂરી, આધુનકિ ગુલામી, હ્યુમન ટ્રાફકિંગિ, અથવા ફરજયિાત મજૂરીનો ઉપયોગ નથી કરતા.

અમે યોગ્ય વેતન ચુકવીએ છીએ અને કામના કલાકો લાગુ પડતા કાયદેસરના કલાકો કરતાં વધુ નથી હોતા.

સ્થાનકિ કાયદા અનુસાર હોય તેવા, કોઇપણ કર્મચારી સંગઠનમાં જોડાવાની કર્મચારીઓની સ્વતંત્રતાને અમે માન તથા આદર આપીએ છીએ. બદલો, ધાકધમકી અથવા હેરાનગતનિા ભય વનિા આવું કરવાનો તેઓનો અધકિાર અમે જાળવી રાખીએ છીએ.

જ્યારે કાયદેસર માન્ય સંગઠન દ્વારા કર્મચારીઓનું પ્રતનિધિત્વિ કરવામાં આવતું હોય ત્યારે, કર્મચારીઓએ પોતાની ઇચ્છાનુસાર પસંદ કરેલ પ્રતનિધિઓિ સાથે અમે સકારાત્મક ચર્ચા કરીએ છીએ અને જરૂરી હોય તેમ વાટાઘાટો અને સલાહસૂચન કરીએ છીએ.

અમારું લક્ષ્ય કાર્ય કરવા માટે સ્વસ્થ અને સલામત માહોલ છે.

### 2.2 વવિધિતા, સમાનતા અને સામેલગીરી

અમે દરેકને સમાન તક આપવામાં માનતા વવિધિતા, સમાનતા અને સામેલગીરી માટે પ્રતબિદ્ધ એમ્પ્લોયર છીએ.

અમે માનીએ છીએ કે એક સફળ અને નવીનતાસભર બઝિનેસ માટે વવિધિતાસભર કાર્યદળ અને કર્મચારીઓની સામેલગીરી સાથેનો પક્ષપાતથી મુક્ત કાર્યમાહોલ જરૂરી છે.


વાંધાજનક, હેરાનગતજિનક અથવા ધાકધમકી ભર્યું વાતાવરણ ઊભું કરે તેવી કોઈપણ વર્તણૂંક અમે ચલાવી નથી લેતા.

બેકગ્રાઉન્ડ્સની વશિાળ રેન્જમાંથી કર્માંચારેઓ લેવા અમે સઘન પ્રયત્નો કરીએ છીએ. આનો અર્થ એ છે કે અમે એવા વાતાવરણણે માણીએ છીએ અને પ્રોત્સાહન આપીએ છીએ જેમાં તમામ વચિારો, દૃષ્ટકિોણો, અનુભવો અને શૈલીઓની ખૂબ કદર કરવામાં આવે છે.

અમે વર્ણ, પ્રાદેશકિતા, જાતીયતા, જાતીય અભગિમ, ભાષા, ધર્મ અથવા માન્યતા, રાજકીય અથવા અન્ય અભપ્રિાયો, વકિલાંગતા, જન્મનું રાષ્ટ્રીય કે સામાજકિ મૂળ અથવા લાગુ પડતા કાયદાઓ દ્વારા રક્ષણ અપાયેલ હોય તેવા સ્ટેટસનાં આધારે પક્ષપાત નથી કરતા.

આ બધાં પરબિળોથી મુક્ત રહીને અમે સમાન તકો અને સંસાધનો પુરા પાડવા અમે ઘનષ્ઠિ પ્રયાસો કરીએ છીએ.

સમાનતા અને સામેલગીરી માટેની અમારી પ્રતબિદ્ધતામાં સમાન અથવા મહદઅંશે સમાન કામ માટે સમાન પગારની નીતનિો સમાવેશ છે.સમાનતા સુનશ્ચિતિ કરવા અમે ભરતીપ્રક્રયિા, લાભ મેળવવાની પાત્રતા, વાર્ષકિ મેરટિ, તથા પ્રમોશન માટેની માર્ગદર્શકિા દ્વારા નયિંત્રતિ હોય તેવી પગારનીતઓિને પ્રથાઓ પ્રસ્થાપતિ કરીએ છીએ.



## 2.3 સલામત અને સ્વસ્થ કાર્યસ્થળ

સલામત અને સંવાદતિાભર્યું કાર્યસ્થળ એ અમારું લક્ષ્ય છે. અમારી કંપનીનાં પરસિરમાં કે બહારના ઇન્સ્ટોલેશન અને સર્વીસીગ પ્રોજેક્ટ્સના સ્થળો પર, અથવા તો અમારી દેખરેખ હેઠળની વ્યાવસાયકિ પ્રવૃત્તઓિમાં; દરેક કર્મચારી, કોન્ટ્રાક્ટર તથા મુલાકાતીને સલામત કાર્યમાહોલ માટે અધકિાર છે.

## 2.4 સિગ્નીફાઇની સ્થાવર અને બૌદ્ધિક મિલકતો

અમે વ્યાપારિક ગુપ્તતા (ટ્રેડ સિક્રેટ) અને માલિકી અંગેની માહિતી સહિત, સિગ્નીફાઇની મિલકતો અને સંસાધનોને તેના કાયદાવિરુદ્ધ, અનધિકૃત કે બેજવાબદાર ઉપયોગ સામે સુરક્ષિત રાખીએ છીએ.

અમારા કબજામાં હોય તેવી થર્ડ-પાર્ટીની મિલકતો અને અમારા સમક્ષ તેમણે જાહેર કરાયેલ ખાનગી બાબતો માટે પણ અમે સમાન ધોરણે કાળજી લઇએ છીએ.

અમે પેટન્ટ, ટ્રેડમાર્ક, ડિઝાઇન્સ, કૉપીરાઇટ, ટ્રેડ સિક્રેટ અને અન્ય કોઇ સ્વરૂપમાં ઉપલબ્ધ બૌદ્ધિક સંપત્તિઓને એ રીતે સુરક્ષિત રાખી છીએ કે કોઇ તેનો અનધિકૃત ઉપયોગ ન કરી શકે કે તે જાહેર ન કરી શકે.

## 2.5 સુરક્ષા ટોચની અગ્રતા ધરાવે છે

અમે અમારા કર્મચારીઓને સલામત અને સુરક્ષિત કાર્યમાહોલ આપવા અને અમારા ગ્રાહકો અને ભાગીદારો માટે વિશ્વાસુ અને ભરોસાપાત્ર કંપની બની રહેવા ઇચ્છીએ છીએ.

અમે સિગ્નીફાઇની ડિજિટલ અને ભૌતિક એમ બન્ને પ્રકારની સંપત્તિઓને સલામત અને સુરક્ષિત રાખીએ છીએ. કંપની વિશેની કોઇપણ માહિતી અમે તેની જરૂરિયાત જાણ્યા પછી જ આપીએ છીએ.

## 2.6 ગુપ્તતા અને ડેટા સુરક્ષો

અમે અમારા ગ્રાહકો, કર્મચારીઓ, વ્યાવસાયિક ભાગીદારો અને અન્ય સંબંધિત વ્યક્તિઓની અંગત વિગતોની ગુપ્તતાનો આદર કરીએ છીએ અને તેમની વ્યક્તિગત ઓળખ થઇ શકે તેવી માહિતીને તેના દુરુપયોગ સામે સુરક્ષિત રાખીએ છીએ. અમે કોઇપણના વ્યક્તિગત ડેટાનો ઉપયોગ ફક્ત ત્યારે જ કરીએ છીએ જ્યારે તે વ્યાવસાયિક હેતુ માટે કાયદેસર વ્યાજબી હોય. અમે ધ્યાન રાખીએ છીએ કે વ્યક્તિગત ડેટાનો આવો કોઇપણ ઉપયોગ વ્યાવસાયિક હેતુ સાથે સુસંગત હોય અને તે ન્યાયપૂર્ણ, ચોક્કસાઇભર્યો, પારદર્શક અને ફક્ત જરૂરી હોય તેથી વધુ ન હોય.

## 2.7 ગુણવત્તા

અમારા ગ્રાહકોને તેમની અપેક્ષાથી પણ વધુ સલામત, ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ તથા સેવાઓ આપવા અમે પ્રતબિદ્ધ છીએ.

અમે એવી પ્રોડક્ટ્સ તથા સેવાઓ આપીએ છીએ જેની ડઝિાઈન, કાચો માલ, ઉત્પાદન તથા સપ્લાયમાં સલામતીના કાયદાઓ તથા ગુણવત્તાના માપદંડોનું પાલન થતું હોય.

## 2.8 ચોકસાઇભર્યા વ્યાવસાયિક અને નાણાકીય દસ્તાવેજો અને અહેવાલો

અમે માહિતીની નોંધણી અને અહેવાલો ચોક્સાઇપૂર્વક, કોઇ અધૂરાશ વિના અને પ્રામાણિકતાપૂર્વક કરીએ છીએ. આમારા બહારના રિપોર્ટિંગનું લક્ષ્ય અમારું હિસાબી સરવૈયું, આવકના પત્રકો, અને રોકડની ઉપલબ્ધીનું વાસ્તવિક અને નિખાલસ ચિત્ર આપવાનું છે.

અમે ગેરમાર્ગે દોરનારી રજૂઆતો કે ખોટા પત્રકો બનાવતા નથી.

અમે સિગ્નીફાઇના હિસાબી સિદ્ધાંતો અનુસાર લેવડ-દેવડને લગતા દસ્તાવેજો પારદર્શક, ચોકસાઇભર્યા, અધૂરાશ વિનાના અને સમયસર રાખીએ છીએ.

અમે તમામ ચુકવણાઓની નોંધ લાગુ પડતા હિસાબોમાં યોગ્ય અને પ્રામાણિકપણે રાખીએ છીએ.

અમે નોંધાયા વગરની કોઇ મૂડી કે મિલકત રાખતા નથી. અમારે ‘‘ચોપડે ન લીધા હોય તેવા’’ કે છુપા કોઇ હિસાબો નથી.

**2.9 સામાજિક જવાબદારી તરીકે ટેક્સ**

સંપૂર્ણ અને ચોકસાઈ સાથેના ડીસક્લોઝર્સ સાથે અમે અમે તમામ જરૂરી ટેક્સ રીટર્ન્સ ફાઈલ કરવા તેમજ સંબંધિત તમામ સરકારી વિભાગોમાં સમયસર અને જરૂરી ટેક્સ ભરવા અમે સઘન પ્રયત્નો કરીએ છીએ તથા તેમની સાથે સકારાત્મક સંવાદ સાધીએ છીએ.

અમે ટેક્સ ભરવામાં પારદર્શિતા તથા જવાબદારી સાથેના ટેક્સ મેનેજમેન્ટ પગલાંને પ્રોત્સાહન આપીએ છીએ.

અમે ટેક્સ અંગેની માહિતી ન આપતા દેશોમાં સ્થિત કાયદા સાથે સંબધિત સ્વતંત્ર વ્યક્તિક સંસ્થાનો ઉપયોગ નથી કરતા તેમજ ફક્ત ટેકસચોરીના હેતુ માટે લીગલ વ્યક્તિક સંસ્થાનો ઉપયોગ નથી કરતા.

કોઇપણ પ્રકારે ટેકસચોરી કરવાનાં હેતુ માટે સત્ય હકીકતને ખોટી રીતે રજૂ કરવાની બાબતમાં અમે સહકાર નથી આપતા.

**2.10 વાજબી અને તીવ્ર હરીફાઇ**

અમે તીવ્ર છતાં વાજબી હરિફાઇમાં માનીએ છીએ જેમાં લાગુ પડતા એન્ટીટ્રસ્ટ કાયદાઓનું પાલન થતું હોય. આના કારણે ગ્રાહકોને કિફાયતી કિંમતોમાં પ્રોડક્ટ્સ તથા સેવાઓ મેળવવા પસંદગી માટે શક્ય તેટલા વધુ વિકલ્પો મળી રહે છે.વાજબી હરીફાઇને પ્રોત્સાહિત કરવાનું એક ઉદાહરણ એ છે કે કાયદા અનુસાર વાજબી ન હોય તો અમે હરીફોનો સંપર્ક નથી કરતા.


**2.11 કાળું નાણું સફેદ કરવાની પ્રવૃત્તિથી દૂર**

અમે કાળું નાણું સફેદ કરવાની પ્રવૃત્તિ નથી કરતા અને અનેક વચેટિયાઓ મારફત અજાણી વ્યક્તિઓ વચ્ચે ચુકવણા, મોટી રકમના રોકડ વ્યવહારો, અથવા શંકાસ્પદ વ્યક્તિઓ દ્વારા થયેલ અથવા સ્વીકારાયેલ ચુકવણા અથવા હાઇ-રિસ્ક દેશોની સામેલગીરી હોય તેવા શંકાસ્પદ વ્યવહારોની જાણ કરીને આવી પ્રવૃત્તિ રોકવા યોગ્ય પગલાં લઇએ છીએ.

**2.12 વ્યવસાયનું નિષ્ઠાપૂર્વક સંચાલન: લાંચ-રુશ્વત અને ભ્રષ્ટાચારનો વિરોધ**

તમામ વ્યવહારો અને કાર્યોમાં અમે નિખાલસ, પ્રામાણિક અને નીતિમાન છીએ. લાંચ-રૂશ્વત કે ભ્રષ્ટાચારમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમે ક્યારેય હિસ્સેદાર બનતા નથી. મતલબ, અયોગ્ય રીતે બિઝનેસ મેળવવા કે જાળવી રાખવા અથવા અયોગ્ય લાભ મેળવવાની ખાતરી માટે કર્મચારીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ક્યારેય નાણાકીય મૂલ્ય ધરાવતું કશું પણ (જેમાં ચુકવણા, ભેટ અથવા આગતા-સ્વાગતા સમાવિષ્ટ છે) આપશે નહીં, ઓફર નહીં કરે, તેવું કરવા વચન નહીં આપે, સ્વીકારશે નહીં કે સ્વીકારવા વચન નહીં આપે.

વ્યાવસાયિક નિર્ણય પર અસર કરે, સંબંધો ને અન્ય પર આધારિત બનાવે, અથવા કંઇક ખોટું થઇ રહ્યું હોવાની છાપ ઊભી કરે તેવા કોઇ ઉપહારો કે આગતા-સ્વાગતા અમે આપતા નથી કે સ્વીકારતા નથી. આમ છતાં, સ્વચ્છ વ્યાવસાયિક સંબંધો મજબૂત કરવા કે બનાવવા માટેના હેતુસર વ્યાજબી અને પ્રમાણસરના ઉપહારો અને આગતા-સ્વાગતા અમે કદાચ આપીએ અને સ્વીકારીએ.



અમે સુવિધા મેળવવા માટે ખોટું ચુકવણું નથી કરતા. અમારું કામ ઝડપથી થઇ જાય અથવા નિયત સરકારી પ્રક્રિયા વહેલી પુરી થઇ જાય તે માટે ક્યારેય સુવિધા પેટે ચુકવણું નથી કરતા.

### 2.13 અમારા વ્યાવસાયિક હિસ્સેદારોની નિષ્ઠા

અમારા વ્યાવસાયિક હિસ્સેદારોની પસંદગી અમે બહુ વિચારપૂર્વક કરીએ છીએ. ફક્ત એવા હિસ્સેદારોને પસંદ કરીએ છીએ જે વ્યવસાયમાં જવાબદારી માટે પ્રતિબદ્ધ હોય અને તેની સાબિતી આપે. અમે ધ્યાન રાખી છીએ કે મધ્યસ્થીઓના કમીશનની ચુકવણીમાં હંમેશા કાયદાનું પાલન થાય, તે તર્કસંગત અને યોગ્ય પ્રમાણમાં હોય અને તે સાબિત કરે કે ઉલ્લેખિત વ્યાવસાયિક હિસ્સેદારની સેવાઓ સ્પષ્ટ અને પ્રામાણિક છે.

### 2.14 સરકાર, રાજકીય પક્ષો અને રાજકીય નેતાઓ સાથે વાત-વ્યવહારમાં જવાબદારી

જાહેર યોજનાઓ અથવા કોન્ટ્રાક્ટ્સ માટે અમે હંમેશા ખરીદી માટેના સરકારી નિયમોનું પાલન કરીએ છીએ. સરકાર, રાજકીય પક્ષો, રાજકીય સંગઠનો કે રાજનીતિ કરનારા લોકોને રોકડ કે અન્ય કોઇ પ્રકારે ફાળો ન આપવાની અમારી નીતિ રહી છે.

### 2.15 નિકાસ પર નિયંત્રણ તથા પ્રતિબંધના કાયદાઓ અને નિયમોનું પાલન

અમે તમામ આઇટમો (વસ્તુઓ, સોફ્ટવેરો, ટેકનોલોજીઓ અને સેવાઓ) ના સ્થાનાંતરણ, વેચાણ અને ખરીદી માં નિકાસ પર પ્રતિબંધના કાયદા અને નિયમોનું પાલન કરીએ છીએ. તે માટે અમે સંબંધિત દેશો, વ્યાવસાયિક હિસ્સેદારો તથા અન્ય લોકો પર લાગુ પ્રતિબંધો ધ્યાનમાં રાખીએ છીએ.

સાથેજ, બધી વસ્તુઓનું વર્ગીકરણ, સૉફ્ટવેર, ટેક્નોલોજીઓ અને સેવાઓ સંબંધિત પ્રતિબંધોનું પાલન કરીએ છીએ જેથી સંભવિત નિયંત્રણની સ્થિતિ અને નિકાસ અથવા સ્થાનાંતરણ સંબંધિત પ્રતિબંધોથી માહિતગાર રહીએ.

### 2.16 વશ્વિસનીયતા


હાલના સમયના પડકારો ઝીલવા માટે, વશ્વિસનીયતા અમારી કંપનીના વ્યૂહમાં અને અમારી વ્યાવસાયકિ શૈલીમાં હૃદય જેવું સ્થાન ધરાવે છે. અમારા મહત્વાકાંક્ષી વશ્વિસનીયતા પ્રોગ્રામ દ્વારા, અમે પર્યાવરણ અને સમાજ પર અમારો સકારાત્મક પ્રભાવ વધારવા ઇચ્છીએ છીએ.

### 2.17 પર્યાવરણનું રક્ષણ


અમારાં ઓપરેશન્સ, બઝિનેસ, તથા સપ્લાય ચેઇનની પર્યાવરણ પર અસરો ન થાય અથવા ઓછામાં ઓછી થાય તેનો ખ્યાલ રાખીએ છીએ.પર્યાવરણ પર અમારી અસર હજુ પણ ઓછી થાય તે માટે અમે ટેકનકિલ તથા આર્થકિ રીતે શક્ય હોય તેવી તકો અને ઉપાયો સતતપણે શોધતા રહેવા અમે પ્રતબિદ્ધ છીએ.

### 2.18 જાહેરાત

અમે એ ખાતરી કરીએ છીએ કે જાહેરાત, પેકેજિંગ અને પ્રમોશનનું બધું સાહિત્ય અમલમાં હોય તેવા કાયદાઓનું પાલન કરતું હોય અને ભ્રામક ન હોય.



# 3.
# કાર્યક્ષેત્રની બહાર પણ પ્રામાણિકતા



### 3.1 હિતોના ટકરાવથી દૂર રહેવું
અમે કંપનીના કામ-કાજ અને વ્યક્તિગત બાબતોમાં હિતોના વાસ્તવિક અને સંભવિત ટકરાવથી હંમેશા દૂર રહીએ છીએ. એટલે આપણે હિતોના વાસ્તવિક અને સંભવિત ટકરાવો વિશે લાઇન મેનેજરને સ્પષ્ટ રીતે જાણ કરવાની છે અને જરૂરી હોય તો તેને રજિસ્ટર પણ કરાવવની છે. અમે સિગ્નીફાઇની સંપત્તિઓનો ઉપયોગ ફક્ત સિગ્નીફાઇનાં લક્ષ્યો પુરાં કરવા માટે જ કરીએ છીએ નહીં કે કોઇ વ્યક્તિગત લાભ માટે.

### 3.2 રાજકારણમાં ભાગ લેવો
અમે વ્યક્તિગત રાજકીય વિચારની અસર અમારા પરફોર્મન્સ પર થાય તે મંજૂર નથી રાખતા. અમે વ્યક્તિગત રાજકીય પ્રવૃત્તિઓ અથવા અભિરુચિઓને પ્રોત્સાહન આપવા સિગ્નીફાઇની સંપત્તિઓ, ત્યાં સુધી કે સમયનો પણ ઉપયોગ નથી કરતા.

### 3.3 અંદરની માહિતી
એવી ખાનગી માહિતી જાહેર કરવા કે તેના આધારે ખરીદ-વેચાણ કરવા પર પ્રતિબંધ છે, જે જાહેર થવાથી સિગ્નીફાઇ સિક્યુરીટીઝ ના ખરીદ-વેચાણ (“અંદરની માહિતી”) મૂલ્ય પર અસર થાય. એટલા માટે અમે અંદરની માહિતી ત્યાં સુધી સંપૂર્ણપણે ગુપ્ત રાખીએ છીએ જ્યાં સુધી અધિકૃત મેનેજમેન્ટ જાહેર રીતે તે બહાર ન પાડે. સિગ્નીફાઇના કર્મચારીઓ (ગુપ્ત માહિતી પ્રાપ્ત કરવા અધિકૃત) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સિગ્નીફાઇ સિક્યુરીટીઝનું ખરીદ-વેચાણ નહીં કરે. સાથે જ, અન્ય કોઇને પણ આવું કરવાની સલાહ કે પ્રોત્સાહન આપવાનું પણ તેઓ માટે પ્રતિબંધિત છે.

### 3.4 સોશિયલ મીડિયા
અમે કંપનીની અંદર અને બહાર સંવાદ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ જવાબદારીપૂર્વક કરીએ છીએ. સિગ્નીફાઇના કર્મચારી તરીકે અમારી ઓળખ આપીએ છીએ અને અમારા ઑડિયન્સને આદર આપીએ છીએ.અમે અમારા વર્તનમાં વ્યાવસયિક અભિગમ રાખીએ છીએ અને અન્ય કોઇ પાર્ટીની વિગતો તેમની મંજૂરી વિના જાહેર કરતા નથી અને આક્રમક કે અપમાનજનક ભાષા વાપરતા નથી.

અમે ગુપ્ત માહિતી (સિગ્નીફાઇની નાણાકીય માહિતી, સિગ્નીફાઇની બૌદ્ધિક સંપત્તિ અને જાહેર ન થયેલ કે અન્ય રીતે ખાનગી ગણાય તેવી કોઇપણ માહિતી સહિત), વ્યવસાય અંગેના આયોજનો, કર્મચારીઓ વિશેની માહિતી અથવા ભવિષ્યમાં આવનાર ઉત્પાદન સંબંધિત માહિતી પર કોઇ ટીપ્પણી કે ચર્ચા નથી કરતા.

© 2023 Signify Holding.
www.signify.com